| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૩/૦૧/૨૦૨૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૫૫ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૭૭૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૩/૨૦૨૪

**મણીનગરઃ** સંકેતભાઇ હરેશભાઇ ઠક્કર (ઉ.વ.૩૨) (રહે. આઇડીયલ કોલોની ઉત્તમનગર ગાર્ડન પાસે મણીનગર) એ તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સંકેતભાઇ ઠક્કર નાઓ મણીનગર પ્રાણદીપ કોમ્પલેક્ષ ખાતે દુકાનનં-૨ પ્લેઝર રેડીમેડ ગારમેન્ટ નામની દુકાન ધરાવી કાપડનો ધંધો કરતા હોઈ આરોપી (૧) વિપુલભાઇ લલીતભાઇ પટેલ (૨) દક્ષાબેન વિપુલભાઇ પટેલ (૩) કરણ વિપુલભાઇ પટેલ (ત્રણે રહે. શ્રીધર બંગ્લોઝ ટી.બી.નગર શિવપુજન ટેનામેન્ટ સામે નિકોલ) તથા (હાલ રહે. સુદર્શનસરલ સાયન્સ સીટી સોલા ભાગવત પાછળ સોલા) અવાર-નવાર સંકેતભાઇ ઠક્કર નાઓની દુકાને કાપડની ખરીદી કરતા હોઈ સને-૨૦૨૨ ડીસેમ્બર મહીનામાં સંકેતભાઇ ઠક્કર નાઓને જણાવેલ કે "એક બોમ્બેની પાર્ટીને અમરીકા જવાનુ છે તેને કાપડનો માલ ૬૦ થી ૭૦ લાખનો છે જે તમને સસ્તામાં સેટ કરી આપુ" તેમ કહી વિશ્વાસમાં લઈ તમને સસ્તામાં બોમ્બેથી કાપડનો માલ અપાવીશ તેમ કહી સંકેતભાઇ ઠક્કર પાસેથી રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- મેળવી લઈ આજદીન સુધી કાપડનો માલ કે પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.ડી.પટેલ ચલાવે છે.

**સાયબર ક્રાઈમ**: વૈભવ રમેશભાઇ પટેલ (ઉ.વ.૩૦) (રહે. પાર્થ રેસીડેન્સી ગોકુલેશ રેસીડન્સી સામે ન્યુ ઇન્ડીયા કોલોની, નિકોલ) એ તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૨/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન QP-MDMTRD થી વૈભવ પટેલ ના મોબાઈલ ફોનમાં " Dear SBI CARD HOLDER your article i.e. reward points of INR 8000 is pending with us and valid for today only. Visit for redeem www.cashpros.in – MDM TRADERS" મેસેજ મોકલી વૈભવ પટેલના ક્રેડીટકાર્ડની માહીતી મેળવી લઇ વૈભવ પટેલના ખાતામાંથી રૂપિયા ૧,૦૬,૪૬૭/- ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એમ.ભુવા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪/૨૦૨૪

**વાડજ**: સેબાજ સકીલઅહેમદ કુરેશી (ઉ.વ.૨૫) (રહે. ગની સુલેમાન લાઇન રોનક બજાર બકરામંડી રાણીપ)એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૧/૨૦૨૪ ના સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે એન.કે.આંગડીયા પેઢીમાંથી રોકડ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- લઇ એક્સેસ સ્કુટર ચલાવી ઉસ્માનપુરા દરગાહ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ચાલક સેબાજ કુરેશીને કહેલ કે "તમે મારી મોટર સાયકલને તમારૂ સ્કુટર કેમ અથડાવ્યું" તેમ કહેતા સેબાજ કુરેશીએ એક્સેસ રસ્તાની સાઇડમાં ઉભુ રાખતા તેણે ઝાપટ મારતા સેબાજ કુરેશી ત્યાથી ઝગડો કરશે તેવા ડરથી પોતાનું એક્સેસ ચલાવી ઉસ્માનપુરા દરગાહના અંદરના દરવાજા આગળ ઉભુ રાખી દરગાહની અંદર ગયા હતા. દરમ્યાન પરત પાર્ક કરેલ એક્સેસ પાસે આવેલ ત્યારે એક્સેસની ડેકી જોતા તુટેલી હાલતમાં હતી અને ડેકીમાં જોતા બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણેય પુરૂષોએ ભેગા મળી ડેકીમાંથી રોકડ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.જી.જોષી ચલાવે છે.

**આનંદનગર**: રંજનબહેન વા/ઓ સુરેશભાઇ ગાયકવાડ (ઉ.વ.૫૪) (રહે. વિશ્વનાથ સમામ ફ્લેટ ઓ-સેવન ક્લબ સામે શેલા) એ તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૧/૨૦૨૩ થી તા.૦૨/૦૧/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર ટાઇમ્સ ઓફ ઇન્ડીયા પ્રેસ પાસે સાગર સમ્રાટ ફ્લેટ નજીક ગુરૂકૃપા સોસાયટી ખાતે રહેતા રંજનબહેન ગાયકવાડના પિતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લાકડાના કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૪,૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫/૨૦૨૪**

**બોડકદેવઃ** વિશાલ સ/ઓ બ્રહ્મપ્રકાશ ચૌહાણ (ઉ.વ.૨૯) (રહે. દિવ્યમ એપાર્ટમેન્ટ ઔડાના મકાન થલતેજ શિલજ બ્રીજની બાજુમા થલતેજ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૧/૨૦૨૪ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની જાળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિર્મલકુમાર ઈશ્વરભાઈ ચલાવે છે.

**રખિયાલઃ** ફાયઝા ડો/ઓ ઉમરફારૂક પઠાણ (ઉ.વ.૨૧) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ રખિયાલ) એ બીમારીથી કંટાળી તા.૦૧/૦૧/૨૦૨૪ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી